

(તસવીર : કશ્યપ નિમાવત)

સફાઈના વાહનોની સફાઈ : ગાંધીનગર મનપા દ્વારા સફાઈ કામમાં વપરાતાં વાહનો અત્યંત ખરાબ હાલતમાં છે. તેની સાફ-સફાઈ કરી અને તાત્કાલીક રીપેરીંગ કરવામાં આવે તો ઉપયોગી થઈ શકે તેમ છે.

## નીલકંઠ શાસ્ત્રીજીનો પંચદેવ મંદિરમાં નવતર પ્રયોગ

# ત્રીસે ત્રીસ સેક્ટરની માટી દ્વારા પાર્થિવલિંગ બનાવાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના ખ્યાતનામ પંચદેવ મંદિરના મહંતશ્રી નીલકંઠ શાસ્ત્રીજીએ પવિત્ર શ્રાવણ માસના દિવસોમાં ગાંધીનગરના દરેક સેક્ટરમાંથી માટી લાવી પાર્થિવલિંગનું નિર્માણ કરવાનો નવતર પ્રયોગ અમલમાં મુક્યો છે. ૫મી સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ સમૂહમાં હોમાત્મક લઘુરૂદ્ર યોજી લિંગપૂજા કરી ગણેશ વિસર્જન સમયે જલમાં પધરાવવામાં આવશે.

શ્રાવણ મહિનાના પવિત્ર દિવસોમાં ભોળાનાથનું પૂજન અને અર્ચન સૌ શિવ-શક્તિ મંદિરોમાં નિયમિત થાય છે. ગાંધીનગરના સેક્ટર-૨૨માં આવેલા પંચદેવ મંદિર ખાતે પાર્થીવ લિંગ બનાવવાનું નીલકંઠ શાસ્ત્રીજીએ આયોજન કર્યુ છે. ૫મી સપ્ટેમ્બરને અમાસના દિવસે સમૂહમાં હોમાત્મક લઘુરૂદ્ર યોજાશે. લઘુરૂદ્રના અંગભૂત દરેક સેક્ટરની માટી લઈ પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરવામાં આવશે. સત્સંગ મંડળના યુવાનો દ્વારા દરેક સેક્ટરની શુદ્ધ કિટકો રહિત માટી લઈ આવવામાં આવશે. જેમાંથી મોટુ શિવલિંગ તૈયાર કરવામાં આવશે. આ શિવલિંગની પ્રતિષ્ઠા-પૂજન કરી યજ્ઞ પૂર્ણ થયે સાચવવામાં આવશે. ત્યારબાદ ગણેશ વિસર્જન સમયે પિતા-પુત્રને સાથે જળમાં પધરાવવામાં આવશે.

શિવલિંગ નિર્માણમાં જોડાવા માંગતા નગરજનો પાસેથી પોતાના સેક્ટરની શુદ્ધ માટી ૩જી સપ્ટેમ્બર-૨૦૧૩ને મંગળવાર સવારે ૯ થી સાંજે ૭ વાગ્યા સુધી પંચદેવ મંદિરમાં આપી જવા જણાવાયુંછે. આ પ્રસંગે યોજાનાર યજ્ઞમાં નામ નોંધાવવા પણ નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ફલેટમાં કચરો ફેંકવાની બાબતે તબીબ સાથે મારપીટ

### કચરો ઉડીને નીચે જતાં ચાર જણા તબીબને ગાળાગાળી કરીને ફરી વળ્યા : સોનાનો ચેઈન તુટી ગયો : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેક્ટર-૯ ખાતે એક ફલેટમાં કચરો ઉડીને ઘર સુધી પહોંચવા જેવી નજીવી બાબતે બે મકાન માલિકો આમને સામને આવી ગયા હતાં. એક તબીબને ચાર જણાએ મળીને ગાળાગાળી કર્યા બાદ મારઝુડ કર્યાની શરમજનક ઘટના બનવા પામી છે. હાથાપાઈ થતા ડોકટરના ગળામાંથી સોનાનો દોરો પણ તુટી ગયો હતો. સે-૨૧ પોલિસ મથકમાં આ ઘટના સંદર્ભે ચાર જણાં વિરુધ્ધ ગુનો નોંધાવા પામ્યો છે.

સેક્ટર-૨૯ના પ્લોટ નં. ૪૭૭/૨ ખાતે સ્થિત ફલેટમાં બીજા માળે ડૉ. ફિરોજ અબ્દુલભાઈ મોજણીદાર રહે છે. પહેલા માળે આઝાદભાઈ મનસુરીએ તાજેતરમાં મકાન રાખ્યું હતું. તેમના ઘરમાં ઉપરના માળેથી કચરો ઉડીને આવા આઝાદભાઈ તથા તેમનો પુત્ર આશીફ મનસુરી તથા શરીફાબેન અને યાસ્મીન મનસુરીએ મળીને બપોરે ઘરેથી જમીને સીડીઓ ઉતરી રહેલા ડૉ. ફિરોજને ઉભા રાખ્યા હતાં અને કચરો ફેંકવા જેવી નજીવી બાબતે માથાકુટ કરવા લાગ્યા હતાં. સામ સામે બોલાચાલી બાદ ડોકટરને જાનથી મારી નાંખવાની ધમકી આપીને ચારેયે માર માર્યોહતો. આ ઘટના વખતે સોનાનો ચેઈન પણ તુટી ગયો હતો. ડૉ. ફિરોજે સે-૨૧ પોલીસ મથકે ચારેય વિરૂધ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસનો દૌર શરુ કર્યો છે.



(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

ગાંધીનગર શહેરના ઘ-૪ સર્કલ પાસે આજે સવારના સુમારે એક્ટીવા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટીવાચાલકને ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયો હતો. અકસ્માત સર્જાતા લોકોના ટોળા એકઠા થયા હતા. ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા. આજે સવારના ૧૧ વાગ્યાના સુમારે ઘ-૫ થી ઘ-૪ તરફ આવી રહેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીની ઈન્ડીગો કાર નંબર જીજે-૧૮-જી-૫૬૫૨ અને એક્ટીવા નંબર જીજે-૧૮-સી.એ. વચ્ચે ઘ-૪ બસ સ્ટેન્ડ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટીવા ચાલકને ઈજા પહોંચી હતી. જેથી ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયો હતો. ભરચક વિસ્તારમાં સવારના સુમારે અકસ્માત થતા લોકો ટોળે વળ્યા હતા. જેથી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી.

# આઠ મહિના પહેલા થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

### માતા સાથે આડા સંબંધ હોવાનું ધ્યાને આવતા સહન ન કરી શકનાર પુત્ર એ જ આધેડને ઈસનપુર મોટા ગામના ખેતરમાં જ રહેંસી માર્યો હતો : ચિલોડા પોલીસને મળેલી સફળતા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર પાસે આવેલા ઈસનપુર મોટા ગામના ટામેટાના ખેતરમાં આઠ મહિના પહેલા એક આધેડની રહસ્યમય હત્યા થવા પામી હતી. આધેડ ખાટલામાં સુતેલો હતો ત્યારે રાત્રે માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર મારીને ખાટલામાં જ તેની હત્યા કરી દેવાઈ હતી. આઠ મહીનાથી વણ ઉકેલ્યા આ પ્રકરણનો ભેદ ઉકેલવામાં ચિલોડા પોલીસને સફળતા મળવા પામી છે. માતા સાથે આડા સંબંધ હોવાનું નરી આંખે જોઈ જનાર પુત્રએ તક મેળવીને રાત્રે આધેડની હત્યા કરી નાંખી હોવાનું ખુલ્યું છે. આરોપીની ધરપકડ કરીને ચિલોડા પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

ઈસનપુર મોટા ગામના ટામેટાના ખેતરમાં ૧૧ ડિસેમ્બરની મોડી રાત્રે ૫૫ વર્ષીય કાળીદાસ બાબુભાઈ પટેલનો કોઈ અજાણ્યા શખ્સે ખાટલામાં જ ઢીમ ઢાળી દીધો હતો. તિક્ષ્ણ હથિયાર માથે મારીને કાલીદાસની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. આ રહસ્યમય હત્યાનો ભેદ આઠ મહિનાથી વણ ઉકેલ્યો હતો. જેમાં શંકાસ્પદોના એસ.ડી.એસ. ટેસ્ટ પણ થયા હતા પરંતુ કાંઈ બહાર આવ્યું ન હતું. ડી.વાય.એસ.પી. કોમલબેન વ્યાસ અને ચિલોડા પી.આઈ. એલ.બી. મોણપરાએ આ પ્રકરણની ઉંડી તપાસ શરુ કરી અને એસ.ડી.એસ. ટેસ્ટ જેના થયા હતા તે શકમંદો પૈકી બે શખ્સો પર શંકા જતાં ફરીવાર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

બોલાવીને કડક પુછપરછ કરવામાં આવી હતી. જેમાં પોલીસને મહત્વની કડી મળતા રાત દિવસ એક કરીને આરોપીને શોધવાનું શરુ કર્યું હતું. ડીવાયએસપી કોમલબેન વ્યાસ અને પી.આઈ. મોણપરા તથા પોલીસ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ ચૌધરી અને બાબુભાઈ ચૌધરીએ મળીને આરોપી મિથુન ઉર્ફે સંજય લક્ષ્મણજી ઠાકોરને ઝડપી પાડયો છે તેની પુછપરછ કરતાં તેણે ગુનાની કબુલાત કરી લીધી છે. હત્યાના કારણમાં મિથુન ઉર્ફે સંજયે બતાવેલા કારણ મુજબ હત્યાના પખવાડીયા પહેલા મિથુન તેણીની માતા અને મરણ જનાર શખ્સ કાળીદાસને એક સાથે ખેતરમાં જોઈ ગયો હતો અને કોઈને કહ્યા વિના તે ત્યાંથી ચાલ્યો ગયો હતો. તેને માતા સાથેના આડા સંબંધની વાત ખુબ જ લાગી આવતા મનોમન હત્યા કરવાનું નક્કી કરી દીધું હતું. દરમિયાન ૧૫ દિવસ પછી ૧૧મી ડિસેમ્બરે રાત્રે ૩ થી ૪ વાગ્યાના અરસામાં તક મળતા જ ખાટલામાં કાલીદાસનું ખુન કરી દીધું હોવાની કબુલાત તેણે કરી લીધી છે.

# માર્ગોને બાનમાં લઈ બેસી રહેતા ઢોરોને લીધે ત્રણ અકસ્માત : તંત્ર સમક્ષ લોકોનો રોષ

### ઢોરોના માલિક સામે પણ કાર્યવાહી થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના માર્ગો પર રસ્તા વચ્ચે બેસી રહેતા રખડતા ઢોરોને કારણે છેલ્લા બે દિવસમાં ત્રણ અકસ્માત થવા પામ્યા છે. જેમાં વાહનચાલકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ અંગે તંત્ર સમક્ષ લોકોએ અનેકવાર રખડતા ઢોરો વિશે રજુઆત કરી છે. છતાં તંત્રએ કોઈ નક્કર કાર્યવાહી કરી નથી તેવું શહેરીજનો ઉગ્ર આક્રોશ સાથે કહી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરમાં દિન પ્રતિદિન રખડતા ઢોરોનો ત્રાસ વધવા પામ્યો છે. શહેરના મુખ્ય માર્ગો સહિત સેક્ટરના આંતરીક માર્ગો પર પણ પશુઓ અડ્ડો જમાવી બેસી રહે છે. જેથી ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રોડ વચાળે બેસી રહેતા ઢોરો ગમે તેટલા હોન વલાહનચાલકો વગાડે છતા પણ હટવાનું નામ લેતા નથી. જેને પરિણામે અનેક નાના મોટા અકસ્માતો સર્જાય છે. જેમાં બે દિવસ અગાઉ સેક્ટર-૧૬માં રાત્રીના સુમારે રોડ વચ્ચે બેસી રહેતા ઢોરોને કારણે અકસ્માત સર્જાયો હતો અને એક્ટીવા ચાલકને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યારે બીજો બનાવ ખ-૧ થી ખ-૦ તરફ જવાના માર્ગે થલતેજનો બાઈકચાક યુવાન ત્યાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક રોડ વચ્ચે ગાય આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલક યુવાનને ઈજાઓ પહોંચી હતી. અન્ય બનાવ ગોકુળપુરા પાસે બનવા પામ્યો હતો. જેમાં સ્કૂટર ચાલકને ઈજા પહોંચી હતી. રખડતા ઢોરોના કારણે છેલ્લા બે દિવસમાં ત્રણ અકસ્માત સર્જાયા છે. જેમાં લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી છે. શહેરમાં રખડતા પશુઓના કારણે અનેક સમસ્યાઓ સર્જાય છે. સરકારીતંત્ર સમક્ષ પણ અનેકવાર શહેરીજનોએ લેખિત અને મૌખિક રજુઆત કરી છે. છતાં પણ તંત્રના અધિકારીઓ આ અંગે ઉદાસીનતા દાખવી રહ્યા છે. તંત્ર દ્વારા રખડતા ઢોરોને પકડી ઢોર ડબામાં પૂરવામાં આવે તેવી શહેરીજનોની માંગણી છે.

# ડેપોમાં શહેરી બસ સ્ટેન્ડ પાસે લોખંડની રેલીંગ બનાવવા માંગ

### મુસાફરો કતારમાં બસમાં જગ્યા લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા રજૂઆત : નવુ સમયપત્રક ટૂંકમાં મુકાશે

ગાંધીનગર, તા. ૩૦

શહેરી બસ સર્વિસને અનુલક્ષી ડેપોમાં રેલીંગ લગાવી મુસાફરો બસમાં બેસવા માટે લાઈન પ્રથાનો અમલ કરે તેવી વ્યવસ્થા ગોઠવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. થોડા સમય અગાઉ ધક્કા ધક્કી થતા બસ નીચે કચડાઈ જતા મુસાફરનું કરૂણ મોત નિપજ્યું હતું.

સે. ૪-બીના રહીશ અશ્વિન જાટીયાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરી બસસેવાને અનુલક્ષી નવી બસો દોડાવવામાં આવી રહી છે. જ્યારે થોડા સમય અગાઉ ડેપો ખાતે ધક્કામુક્કી થતા મહીલા મુસાફરનું પણ કચડાઈ જવાથી મોત નિપજ્યું હતું. મુખ્ય ડેપો ખાતે સિનિયર સિટીઝન્સ ઉપરાંત બાળકો સહીત મુસાફરોની સંખ્યા વિશેષ રહે છે. ત્યારે આવી ઘટનાને અટકાવવા શહેરી બસ સર્વિસના રોડ પાસે બે એસ.ટી. જેમની જેમ લોખંડની મજબૂત રેલીંગ બનાવવા માંગણી કરવામાં આવી છે જેથી રેલીંગમાં લાઈનમાં ઉભા રહી મુસાફરો ક્રમબદ્ધ રીતે બસમાં ચઢી શકે. આ ઉપરાંત ડેપોમાં અદ્યતન સમયપત્રક તૈયાર કરી મુકવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સમયનો ખ્યાલ ન હોવાથી બસ વ્યવસ્થા હોવા છતાં મુસાફરોને હાલાકી ભોગવવી પડે છે. જો કે ડેપો મેનેજરે આ અંગે જણાવ્યું હતું કે આ મામલે સમયપત્રક તૈયાર કરવામાં આવી રહ્યું છે. ટુંકમાં જ નવુ સમયપત્રક મુસાફરો માટે લગાવી દેવાશે.

## દહેગામ શહેર ભાજપની બેઠક મળી

ગાંધીનગર, તા. ૩૦

દહેગામ શહેર ભાજપ દ્વારા આજરોજ નિલકંઠ મહાદેવ ખાતે પ્રથમ કારોબારીની મિટિંગ યોજાઈ હતી. જેમાં આવનાર ચૂંટણીને અનુલક્ષીને આગામી કાર્યક્રમો તથા સરકારની સિદ્ધિઓ અને કેન્દ્ર સરકારની મોંઘવારી તથા ભ્રષ્ટાચાર અંગેના ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કાર્યકર્તાઓ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

દહેગામ શહેર ભાજપના અધ્યક્ષ બિમલભાઈ અમીનના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં જિલ્લાના પ્રભારી કે.સી. પટેલ તથા જિલ્લા અધ્યક્ષ નૈલેષભાઈ શાહ તથા જિલ્લાના મહામંત્રી નરેન્દ્રસિંહ ઝાલા, હિતેન્દ્ર પટેલ, એલ.વી. પટેલ તથા જિલ્લાના પદાધિકારીઓ, જિલ્લા મોરચા સેલ તથા દહેગામ શહેર કારોબારીના સભ્યશ્રીઓ, દહેગામ નગરપાલિકાના સદસ્યશ્રીઓ, શક્તિ કેન્દ્રના પ્રભારી-પ્રમુખ દહેગામ શહેરના વિવિધ મોરચાઓના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ દ્વારા વૃક્ષારોપણ અને અન્નદાન કરાયું

ગાંધીનગર, તા.૩૦

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા, ગાંધીનગરે વનવિભાગના સહયોગથી વક્ષારોપણ કાર્યક્રમ અને અન્નદાન કરવામાં આવ્યું હતું.

ધોલેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવ ખાતે અલગ અલગ પ્રકારના ૧૫૦૦ જેટલા રોપાઓ પ્રદીપકુમાર ગગલાણી, કેતન ધોળુ, કુંવરજીભાઈ પટેલ, ભૂપેન્દ્ર ગજ્જર, કૌશિક ભટ્ટ, જી.પી. પટેલ, પરીખ દાદા, અશોકભાઈ લક્ષ્મણભાઈ દ્વારા રોપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગૃહિણીઓ દ્વારા રક્ષા બંધાવી તેને ઉછેવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. રજનીભાઈ કણસાગરા, અરવિંદભાઈ દરજી, અનિલ હિંગુ અને નરેન્દ્ર મંડિર દ્વારા વૃદ્ધાશ્રમોમાં ભોજન આપવામાં આવ્યુંહતુ. અને રક્ષાબંધનનું પવિત્ર પર્વ ઉજવાયું હતું એમ જીલુભા ધાંધલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સે. ૨૯નો બુટલેગર એક વર્ષ માટે તડીપાર

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૨૯ના ચ-ટાઈપમાં બ્લોક નં. ૩૪/૧ માં રહેતો પ્રશાંત બળદેવભાઈ પુરાણી ઘણીવાર દારૂ-બિયર વેચવાના ગુનામાં પકડાયેલો હતો. જેને તડીપાર કરવાના ઓર્ડર મળતા ગાંધીનગર એલસીબીની ટીમે આજે તેને પકડી પાડ્યો હતો. અમદાવાદ શહેર, ગ્રામ્ય, ગાંધીનગર, સાબરકાંઠા અને મહેસાણા મળીને પાંચ જિલ્લામાંથી પ્રસાંત પુરાણીને એક વર્ષ માટે તડીપાર કરવામાં આવ્યો છે.

## આનંદીમાના વડલે ચર્મરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા આનંદીમાના વડલે ચામડીના રોગનો અડતાલીસમો નિદાન અને સારવાર કેમ્પ ૧લી સપ્ટેમ્બરે યોજાશે.

દર મહિનાના પહેલા રવિવારે યોજાતા ચર્મરોગ નિદાન અને સારવાર કેમ્પ અનુસંધાને સપ્ટેમ્બર મહિનાની પહેલી તારીખે માણસા ગામના આનંદીમાના વડલે, બપોરે ૨ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ યોજાશે. કેમ્પમાં ગાંધીનગરના ચામડી, ગુપ્તરોગો, રક્તપિત્ત, કોસ્મેટિક સર્જરી અને ડર્મેટા સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ માનદ સેવા આપશે.

## લઘુરૂદ્રનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

રૂદ્રાભિષેક મંડળના સભ્ય પુષ્કરભાઈ રાવલના નિવાસ પ્લોટ નં. ૧૭૧૨/૨ સેક્ટર-૨-ડી ખાતે આજે ૩૧મી ઓગષ્ટે સાંજે ૪.૩૦ કલાકે લઘુરૂદ્ર યોજાશે તથા આવતીકાલે તા. ૧લી સપ્ટેમ્બરે ડૉ. ઉત્પલભાઈ જાનીના નિવાસે પ્લોટ નં. ૧૨૭૦/૧, સેક્ટર-૭-ડી, ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ કલાકે લઘુરૂદ્ર યોજાશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫
ધ કૉન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :

સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

સત્યાગ્રહ: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦
મુંબઈ અગેઈન : ૫.૦૦

### ચિરાગ, કલોલ

સત્યાગ્રહ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે 'દીકરો મારો લાજવાબ' નામક નાટક.

### ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત દિલીપભાઈ જોશી નિવાસ સ્થાન ૩૫/૨, છ- પ્રકાર શિવ-શક્તિમંદિરની બાજુમાં, શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી વાસણીયા મહાદેવ મંદિર ખાતે પૂ. ભારતી બાપુની વ્યાસપીઠે ચાલતી શિવકથાના આઠમા દિવસે બપોરે ૨.૩૦ કલાકે ભવ્ય શિવ વિવાહ કાર્યક્રમ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે બારુમાલ ૧૨માં જ્યોર્તિલીંગના પ્રવાસે

## આપની આજ

**મેષ** : નવી યોજનાઓની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : સાહસનો લાભ મળશે. આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : કામની ગતિ અનુકૂળ રહેશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે.

**સિંહ** : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે.ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ-કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન-સમ્માન પ્રાપ્ત થશે.

**મીન** : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્ર ચંદ્રવદન ભટ્ટ (ઉ.વ. ૬૩) પ્લોટ નં. ૨૭૩, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. રાજેન્દ્રભાઈ મોહનભાઈ પટેલ (ઉ.વ. ૫૫) મુ.પો. મગોડી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બચુજી કેશાજી વાઘેલા (ઉ.વ. ૫૩) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગલાબા જગુજી વાઘેલા (ઉ.વ. ૭૦) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રૂદ્રજિતસિંહ જિતેન્દ્રસિંહજી જાડેજા (ઉ.વ. ૧૯) ૫૬, વૃંદાવન બંગ્લોઝ, મુ.પો. કુડાસરણ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીભાઈ નાથાલાલ ત્રિવેદી (ઉ.વ. ૮૦) ૨૯, પ્રતાપનગર સોસાયટી, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સંગીતાબેન ઉમેશભાઈ ચોકસી (ઉ.વ. ૪૮) સી-૬/૧, જી.ઈ.બી. કોલોની, ગાંધીનગર.
- સ્વ. વિજયકુમાર બાબુભાઈ જાદવ (ઉ.વ. ૨૫) મુ.પો. ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાશીબેન નરસિંહભાઈ પરમાર (ઉ.વ. ૯૫) ૮૮/૩, છ-ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.